**રંગોનો પર્વ હોળી- ધૂળેટીની ઉજવણી માટે યુવાધન, બાળકો, મહિલાઓમાં થનગનાટ, ધૂળેટી પછી ક્વાંટમાં ગેરના મેળાની તડામાર તૈયારીઓ**

# વડોદરા-છોટાઉદેપુર જિલ્લામાં ધામધૂમ પૂર્વક હોળી પર્વની ઉજવણી

### છોટાઉદેપુરમાં લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા દ્વારા હોલીકા દહન કરાયું



**છોટાઉદેપુર** - લોકસભા સાંસદ જશુભાઇ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, નગર પોલીસ પ્રમુખ મંજુલાબેન કોલી, આગેવાનો સૌરભ શાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહી હોલિકા દહન કર્યું હતું.

### ક્વાંટમાં ઉત્સાહભેર પૂજા અર્ચના કરીને હોળી પ્રગટાવવામાં આવી



**ક્વાંટ** - ક્વાંટમાં ઉત્સાહભેર હોળી પ્રગટાવવામાં આવી હતી. તેમજ ધાણી, ચણા, નારીયેળ હોળીમાં પ્રગટાવીને પૂંજા કરવામાં આવી હતી. તેમજ સાંજે 6 વાગ્યાથી પૂંજા શરૂ દેવામાં આવી હતી. અને સાંજે 7 પછી હોળી પ્રગટાવવામાં આવી હતી.

### શિનોર ટાઉનમાં નાગરવાડા મુકામે પૂજા વિધિ કરીને હોળીને પ્રગટાવાઈ



**શિનોર** - શિનોરના ટાઉન વિસ્તાર નાગરવાડામાં પૂંજા વિધી સંપન્ન કરીને સાંજે 7.30 કલાકે હોળી દહન કરાયું હતું. ધાણી, ચણા, નારીયેળ હોળીમાં હોમીને પૂંજા કરીને ધામધૂમથી હોળીનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.

### બોડેલી જબુગામ ખાતે હોળી પર્વને લઈ વૈષ્ણવ સમાજ દ્વારા હોલીકા દહન કરાયું



**બોડેલી** - બોડેલી જબુગામ ખાતે હોળી પર્વને લઈ વૈષ્ણવ સમાજ દ્વારા આજરોજ હોળી પ્રગટાવવામાં આવી સાથે સાથે રાજપૂત સમાજ અને ગામના અનેક વિસ્તારોમાં હોળી પ્રગટાવવામાં આવી હતી. તેમજ રાજપૂત ફળીયા જબુગામ ખાતે હોળી દહન કરાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### સાવલીમાં 1.8 કરોડનાં ખર્ચે તૈયાર કરાયેલા બસ સ્ટેન્ડના મુખ્ય માર્ગનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ



**સાવલી** : સાવલી નગરમાં બનેલ આધુનિક સુવિધાથી સજ્જ રોડ નું લોકાર્પણ સાવલી ધારાસભ્ય  દ્વારા કરવામાં આવ્યું હતું લાંબા સમય થી આ રસ્તો ભીડભાળ વાળો અને સાંકડો હતો અને મુખ્ય બસ સ્ટેશન નું પિકઅપ સ્ટેન્ડ પર જવાનો મુખ્ય માર્ગ હોઈ ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા હતા  અને આ રોડ ને લઈ ને ટ્રાફિક ની સમસ્યા અને લોકો ને હાલાકી ભોગવવાનો વારો આવતો હતો. તેવામાં પાલિકા દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે નવીન રોડ બનાવવા માટે દબાણો  દૂર કરવામાં આવ્યા હતા.

### શિનોરમાં હોળી ધુળેટીના પર્વને લઈ વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા પ્રતિબંધ મૂકાયો




**શિનોર** : શિનોર તાલુકામાં ધૂળેટીના પર્વને લઈને 14 માર્ચના રોજ વડોદરા નજીકથી પસાર થતી નદીઓ, કૃત્રિમ તળાવો, નહેર, જળાશયોમાં નાહવા અને અન્ય કામે જવા માટે પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. વડોદરા જીલ્લા કલેકટર દ્વારા હોળી ધુળેટી ના બે દિવસ નદી અને તળાવો સહિત નાહવા માટેના સ્થળ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જેમાં દિવેર મઢી નદી, નારેશ્વર, માલસર, સિનોર ,પોઈચા બ્રિજ, ચાણોદ સહીત નદીઓમાં નાહવા જઈ શકાશે નહીં. સિંધરોટ, ફાજલપુર તેમજ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના લાંછનપુર અને શિનોર તાલુકાના દિવેર ગામ પાસેથી પસાર થતી નર્મદા નદી, કરજણ તાલુકાના નારેશ્વરમાં ન્હાવા માટે વડોદરા શહેર સહિત આસપાસના ગામોના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે. વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા હોળી અને ધૂળેટીના બે દિવસ માટે નદી અને તળાવો સહિતના નાહવા માટેના સ્થળો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.


### ડભોઈના ભીલાપુર પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 13 ડી.જી.પી. ગુજરાત રાજ્ય ગાંધીનગર નાઓ દ્વારા આગામી હોળી-ધુળેટીના તહેવાર અનુસંધાને પ્રોહીબીશન અંગે સ્પેશ્યલ ડ્રાઈવ રાખવામા આવેલ.જેના ભાગરૂપે પોલીસ સ્ટાફના માણસો સાથે ભીલાપુર આ.પો. વિસ્તાર મા પેટ્રોલીંગમા હતા. વાદળી કલરની ફ્રોન્ક્ષ ગાડી રજી.નં- GJ-06RA- 0585 માં બે ઈસમો ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો જથ્થો ભરી છોટાઉદેપુર તરફથી ડભોઇ વેગા ચોકડી થઈ વડોદરા તરફ જનાર છે. પોલીસ ને મળેલ બાતમી આધારે પી.આઈ. કે.જે.ઝાલા એ ગાડીની વોચમા રહેવા સુચના કરતા મોજે ભીલાપુર આ.પો. ની સામે પ્રોહી અંગે રેઈડ કરતા તહોદાર (૧) લાભચન્દ્ર ઈન્દ્રમલ દરજી (૨) નાગર રૂપસિહ ભયડીયા (રાઠવા) ઝડપી પાડયા હતા.

**પાદરામાં નર્મદા નિગમની બેદરકારી ના કારણે કેનાલમાં ગાબડું પડ્યું**

## નર્મદા કેનાલમાં ગાબડું પડતા ખેતરમાં પાણી ફરી વળ્યાં

**ખેતરોમાં** પાણી ફરી વળતા ખેડૂતોને ભારે નુકશાન થયું



(પ્રતિનિધિ) પાદરા, તા. 13 પાદરા ના ચોકારી ગામે નર્મદા કેનાલમાં ગાબડું પડતા ખેડૂતોના ખેતર સહિત મકાનો માં પાણી ફરી વળ્યાં હતા. ખેતી ના પાક ને ભારે નુકશાની થઈ હોવાના આક્ષેપ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યા હતા.

પાદરા તાલુકાના ચોકારી ગામ પાસે થી પસાર થતી નર્મદા કેનાલમાં ગાબડું પડવાને લઈ લાખો લીટર પાણી વહી જવા પામ્યું હતું. કેનાલમાં ભંગાણ સર્જાવાથી આસપાસના ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા. જેને લઈ ખેતરો પણ બેટ સ્વરુપ દેખાવા લાગ્યા હતા જ્યારે મકાનો મા પાણી ફરી વળતા ઘરવખરી ને પણ ભારે નુકસાન થવા પામ્યું છે અને ખેડુતો નો ઊભો પાક પણ ધોવાયો છે. ખેડૂતો એ રોષ ઠાલવ્યો હતો કે આ નુકશાની નું વળતર કોણ ચૂકવશે ?

પ્રાપ્ત માહિતી મુજબ પાદરામાં નર્મદા નિગમની બેદરકારી ના કારને આ કેનાલ માં ગાબડું પડ્યું હોવાના સ્થાનિક લોકોએ આક્ષેપો કર્યા હતા ને નિગમ ના અધિકારીઓને જાણ કરવા સુધ્ધા કોઈ અધિકારી કે ઈજનેર સ્થળ તપાસ માટે આવ્યા ન હોવાથી સ્થાનિક રહીશો માં રોષ ની લાગણી ફેલાઈ હતી.

ગાબડું પડતા લાખો લીટર પાણી નો વેડફાટ થયો હતો અને કેનાલ નજીક ના આશરે ૧૦૦ જેટલા ખેતરોમાં પાણી ગુસ્યા હોવાનું જાણવા મળેલ છે.

## સીમળી ગામે પશુપાલકના ગળે ચાકુ મૂકીને 9 બકરા કારમાં ઉઠાવી ગયા



(પ્રતિનિધિ) શિનોર, તા. 13 શિનોર તાલુકાના સીમળી ગામે પશુઓ ચરાવવા ગયેલા પશુપાલકના ગળે ચાકુ મૂકીને બકરાં ચોરો 9 જેટલા બકરાં ઉઠાવી જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

શિનોર તાલુકાના સીમળી ગામે રહેતા પશુપાલક મંગળભાઈ બપોરના 1.30 કલાકે તેરસાથી સીમળી જવાના રસ્તા પર નર્મદા કેનાલના નાળા પાસે બકરાંઓ ચરાવી રહ્યા હતાં. તે દરમિયાન કેનાલના રસ્તે એક કાર આવી હતી. આ કાર માં આવેલા બકરાંચોરો પશુપાલક પાસે આવી ગળે ચાકુ મૂકીને આશરે રૂપિયા 80 થી 90 હજારની કિંમત ના 9 જેટલાં બકરાંઓ કારમાં ઉઠાવી ચોરી ગયા હતાં. જે અંગેની જાણ પશુપાલક ધ્વારા શિનોર પોલીસને કરાઈ હતી. જેની જાણ થતાં પોલીસને જાણ કરાઈ હતી.

**પાઇપો અનેક જગ્યાઓ ઉપર એક વર્ષથી ઢગલા પડી રહ્યા છે**

## નસવાડીના કલેડીયા રોડ ઉપર પોચમ્બા પાણી પુરવઠા યોજનાની પાઈપો એક વર્ષથી પડી રહી છે

**સરકારે** અત્યાર સુધી 20 કરોડથી વધુના નાણાં ખર્ચી નાખ્યા છે પરંતુ પાઈપલાઈન નાખવાની કામગીરી થતી નથી



(પ્રતિનિધિ) નસવાડી, તા. 13 નસવાડી તાલુકાના 24 ગામો ને ફિલ્ટર વાળું પાણી મળે તે માટે પોચમ્બા પાણી પુરવઠા યોજના માંથી નર્મદા નું પાણી પહોંચાડવા માટે પાઈપો ખરીદવામાં આવી હતી આ પાઈપો અનેક જગ્યાઓ ઉપર એક વર્ષ થી ઢગલા પડી રહ્યા છે સરકારી ચોપડે ખર્ચ પાડી દેવામાં આવ્યો પરંતુ પાઈપો નાખવાની કામગીરી ના થતા સરકારે અત્યાર સુધી 20 કરોડ થી વધુ ના નાણાં ખર્ચી નાખ્યા છે પરંતુ પાઈપલાઈન નાખવાની કામગીરી થતી નથી.

નસવાડી તા.ના આદિવાસી વિસ્તારના લોકોને ફિલ્ટર વાળું શુદ્ધ પાણી મળે તે માટે 44 કરોડ ના ખર્ચે 24 ગામોને પોચમ્બા પાણીપુરવઠા યોજના માંથી સરકારે સુધારણા યોજના મંજુર કરી હતી પરંતુ અત્યાર સુધી 20 કરોડનો ખર્ચ થઈ ચુક્યો છે. આ વર્ષે પણ આ યોજનામાં પાણી નહિ મળે હાલ ધીમીગતિએ કામગીરી કરાઈ રહી છે.

**લાકડા પણ મુસ્લિમ સમાજના લોકો ભેગા કરવામાં મદદ કરે છે**

## નસવાડીના સરકાર ફળીયામાં મંદિર- મસ્જિદના પટાંગણમાં 50 વર્ષથી હોળી પ્રગટે છે

**સાંજના** સમયે આરતી અને અઝાન એકજ સમયે થાય છે



(પ્રતિનિધિ) નસવાડી, તા. 13 નસવાડીના સરકાર ફળીયા વિસ્તારમાં મંદિર અને મસ્જિદના પટાંગણમાં 50 વર્ષના વધુ સમયથી હોળી પ્રગટાવવામાં આવે જયારે હિન્દુ મુસ્લિમ બંનેવ ધર્મનાં લોકો વર્ષોથી આ વિસ્તારમાં બંનેવ ધર્મનાં તહેવારોમાં સાથ સહકાર આપી હળી મળી કોમી એકતા સાથે ઉજવણી કરે છે.

નસવાડી ખાતે સરકાર ફળીયા ચાર રસ્તા વિસ્તારમાં માં અંબે માતાનું મંદિર આવેલું છે તેની નજીકમાં મસ્જિદ આવેલી છે જ્યારે છેલ્લા 50 વર્ષથી માં અંબે માતાના મંદિરના પટાંગણમાં હોળી પ્રગટાવવામાં આવી હતી જ્યારે સાંજના સમયે આરતી અને અઝાન એકજ સમયે થાય છે અને માં અંબે માના પટાંગણમાં નસવાડી અંબે માતા ના મંદિર ના પૂજારી નરેન્દ્રભાઈ પાઠક વર્ષો થી હોલીકા દહન ની પૂજા અર્ચના કર્યા બાદ હોલીકા દહન કરવામાં આવે છે ત્યારે ભક્તો હોલીકા દહન માં શ્રીફળ અને ખજૂર ધાણી તેમજ અન્ય ચીજવસ્તુઓ પધરાવે છે અને સાત ફેરા હોળી પ્રગટાવી હોય ત્યાં મારે છે  જયારે હોળી પ્રગટાવવા માં આવે છે.

**સાવલી પોલીસ મથકની હદમાં વર્ષ 2022માં સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હતું**

## સાવલીની કોર્ટે પોકસોના આરોપીને 20 વર્ષની સજા ફટકારી

**લગ્નની** લાલચ આપીને સગીરા સાથે અવારનવાર દુષ્કર્મ કર્યું હતું



(પ્રતિનિધિ) સાવલી, તા. 13 સાવલીની પોકસો કોર્ટ દ્વારા સાવલી પોલીસ મથકમાં ૨૦૨૨ ની સાલમાં સગીરા સાથે દુષ્કર્મના આરોપીનો કેસ સાવલીની કોર્ટમાં ચાલી જતા આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૫૦ હજાર નો દંડ ફટકાર્યો છે જ્યારે અન્ય એક છેડતી ના ગુના માં આરોપીને પાંચ વર્ષ ની સજા અને ૫૦ હઝાર નો દંડ ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

સન ૨૦૨૨ ની સાલમાં સાવલી તાલુકાની સગીરા સાથે દુષ્કર્મ ની ફરિયાદ સાવલી પોલીસ મથકે નોંધાઈ હતી જેમાં આરોપી ઓપલ ગીરવત ભાઈ પરમાર મૂળરહે નારા તા સાવલીના સામે ફરિયાદ નોંધાઈ હતી સગીરા સંપર્ક માં આવ્યો હતો અને પટાવી ફોસલાવીને પ્રેમજાળમાં ફસાવીને લગ્નની લાલચ આપીને સગીરા સાથે અવારનવાર દુષ્કર્મ કર્યું હતું ત્રણ માસ સુધી પોતાના કબજા માં રાખીને રાજકોટ નાપા ડુંગરીપુર ગુતરડી જેવા સ્થળોએ લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતુંજેની ફરિયાદ સાવલી પોલીસ મથકે આરોપી સામે ફરિયાદના આધારે ધરપકડ કરવામાં આવી હતી અને પોકસો સહિત વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. કેસ સાવલીની પોકસો કોર્ટમાં ચાલી જતા જજ ઠક્કરે સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને કસુરવાર ઠેરવ્યો હતો.

## એન્જિનિયર વિદ્યાર્થીએ લગ્નની લાલચ આપી યુવતી સાથે દુષ્કર્મ આચર્યું

(પ્રતિનિધિ)વાઘોડિયા, તા. 13 વાઘોડિયા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, વાઘોડિયા તાલુકાના ગોરજ ગામનો વતની અને હાલ પીપરકૂઈ ગામે રહેતી બહેનના ઘરે રહેતા વૈભવ બળવંતસિંહ પરમારે અમદાવાદ ખાતે કોલેજમા એન્જિનિયરિંગનો અભ્યાસ કરી વડોદરાની તના કંપનીમા ઈન્ટરસીપ કરે છે વૈભવ પરમારને વાઘોડિયા તાલુકાના એક ગામની ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે મિના ( નામ બદલેલ છે) સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. અવારનવાર બંને મળતા હતા. વૈભવે યુવતીને લગ્ન કરવા માટે પણ ખાતરી આપી હતી ત્યારબાદ વૈભવ પરમાર અન્ય યુવતી સાથે વાત કરતો હતો, ત્યારે યુવતી જોઈ જતા વૈભવને સમજાવવા માટે વડોદરા ખાતે ભેગા થતા વૈભવ યુવતીને હોટલમાં લઈ ગયો અને તેની સાથે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. યુવતીએ લગ્ન કરવા માટે દબાણ શરૂ કર્યું હતું. પરંતુ વૈભવ લગ્ન કરવા ઈચ્છતો ન હતો. યુવતીએ લગ્ન કરવા માટે દબાણ કરતા વૈભવે નીચલી જાતિની હોવાનું જણાવી લગ્ન કરવા ઈન્કાર કર્યો હતો.